તા. ૨૩/૬/૨૦૧૫

પ્રતિ,
ખાસ ફરજ પરના અધિકારીશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ત્રીજો માળ, બ્લોક નં. ૧૪, સચિવાલય,
ગાંધીનગર.

વિષય :– નગર રચના યોજના, સુરત નં.: ૮૩(વરિયાવ–કોસાડ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ :– (૧) નગર આયોજન અને મુલ્યાંકન ખાતાનો પત્ર નં.: સુરત / સુચિત / નરયો નં.: ૮૩ (વરિયાવ–કોસાડ)/પરામર્શ/દ.ગુ./૧૦૧ , તા. ૦૭/૦૩/૨૦૧૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આ/૫૫૦૭, તા.૨૧/૧૧/૨૦૧૩.
(૩) નામદાર સરકારશ્રીના તા.૩૦/૦૧/૨૦૧૫ રોજના જાહેરનામા ક્રમાંક : NO.GH/V/72 of 2015/TPS-142013-6880-L.

મહાશય,

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, સુરત શહેરના રાંદેર અને કતારગામ ઝોનમાં મોજે:વરિયાવ–કોસાડ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.: ૮૩(વરિયાવ–કોસાડ) તૈયાર કરવા બાબતે નગર આયોજન અને મુલ્યાંકન ખાતાના સંદર્ભ (૧) હેઠળના પત્રથી પરામર્શ આપવામાં આવેલ. જે મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી કાયદાની જોગવાઈઓ હેઠળ સરકારશ્રીની મંજૂરી અર્થે સંદર્ભ (૨) હેઠળના પત્રથી સાદર કરવામાં આવેલ. સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૩ (વરીયાવ–કોસાડ) સરકારશ્રી ધ્વારા કાયદાની કલમ–૪૮ (૨) ની જોગવાઈઓ હેઠળ નિર્દેશનો સુચવી તે મુજબનો અમલ કરવા માટે તા.૩૦/૦૧/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક : NO.GH/V/72 of 2015/TPS-142013-6880-L થી અત્રે પરત કરેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૭/૦૪/૨૦૧૫ ના રોજ મળેલ સભાના ઠરાવ નં.: ૧૨/૨૦૧૫ થી સદરહુ મુસદ્દારૂપ યોજનાની ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ની કલમ ૪૨(૧) હેઠળ તૈયાર કરેલ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે તથા સરકારી રાજયપત્રમાં તા.૨૧/૦૪/૨૦૧૫ ના રોજ તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો (૧) ગુજરાત સમાચાર તથા (૨) ગુજરાત પ્રભામાં તા.૨૨/૦૪/૨૦૧૫ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ અવલોકન અર્થે આ સાથે સામેલ કરેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ :– ઉપર મુજબ

એડીશનલ સીટી ઈજનેર અને
ઈ.ચા.ડેપ્યુટી કમિશનર(પી.& ડી.)
સુરત મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના : મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, રોડ નં. ૩, સેકટર નં. ૧૦/એ, સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, ગાંધીનગર, પ્રતિ,.....તરફે જાણ સારૂ.

Town Planning Dept\Personal\Assistant-Junior Engineer\CHIRAG/Athwa zone\ORR Tps_notifications\AFTER NOTI.30-01-2015 TP 83\LETT AFTER PUBLIC METTI.doc/07

૦૮